॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# દેવીપૂજક: સમુદાય વિકાસ દ્વારા સમાજ વિકાસ

## (સામુદાયિક સંસ્થાઓના વિકાસ દ્વારા દેવીપૂજક સમાજના સર્વાંગી વિકાસ માટેનું પગલું)

શ્રી ધવલભાઈ મુકેશભાઈ દાતણિયા
સમાજ કાર્ય પારંગત(MSW), GSET (MSW)૨૦૨૨ અને UGC NET (MSW)-૨૦૨૩
(ભૂતપૂર્વ વિદ્યાર્થી: ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ)
થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૯
ઈમેઈલ : dhavaldataniya@gmail.com

---

## સમસ્યા બિંદુ:

ભારત દેશ વિવિધતા ધરાવતો દેશ છે. જેમાં ઘણા બધા સમુદાય અને સમુદાયોથી બનેલા સમાજ એકબીજા સાથે સદીઓથી રહેતા આવ્યા છે અને દેશના વિકાસમાં યથાશક્તિ યોગદાન આપતા આવ્યા છે. આવો જ એક સમાજ છે દેવીપૂજક સમાજ. જે વાઘરી સમાજના નામથી ગુજરાત અને સમગ્ર દેશમાં જાણીતો છે અને ગુજરાત સહિત સમગ્ર ભારત અને દક્ષિણ એશિયામાં ફેલાયેલો છે. આદિકાળથી હિન્દુ ધર્મના શક્તિ પથ (સનાતન શાક્ત સંપ્રદાય) સાથે અતૂટ રીતે જોડાયેલ આ સમાજને ૧૮મી સદીમાં અંગ્રેજ સરકાર દ્વારા અપરાધિક આદિજાતિ તરીકે ભારતીય મુખ્ય ધારાથી અલગ કરવામાં આવી હતી. આઝાદી બાદ ભારત સરકાર દ્વારા આ આદિજાતિને વિચરતી અને વિમુક્ત જાતિ પૈકી વિમુક્ત જાતિ તરીકે ઓળખ કરવામાં આવી. આમ, સદીઓ સુધી ધાર્મિક, આર્થિક અને સામાજિક રીતે મુખ્યધારાનો અભિન્ન અંગ એવી આ આદિજાતિ છેલ્લી ૨ સદીથી આજે સમાજની મુખ્ય ધારાથી છુટ્ટી પડી ગઈ છે અને પોતાના અસ્તિત્વ માટે સંઘર્ષ કરી રહી છે.

**ચાવીરૂપ શબ્દો**: દેવીપૂજક, વાઘરી, વિચરતી અને વિમુક્ત જાતિ, અપરાધિક આદિજાતિ, સમાજ સુધાર, આધુનિક સમાજ, શાક્ત સંપ્રદાય, સમુદાય વિકાસ, સ્થાનિક મંડાળો અને સંસ્થાઓ, સામુદાયિક સંસ્થાઓ, વંશીય જૂથો, સમાજ વિકાસ આયોજન, સમાજ કાર્ય, વાઘરી ઇતિહાસ, આર્થિક, સામાજિક અને ધાર્મિક વિકાસ.

## પૂર્વભૂમિકા:

ભારતમાં પશ્ચિમી સમાજના આગમનથી ૧૮મી સદી અને ૧૯મી સદીમાં સમાજ પુનર્રચનાનો તબક્કો શરૂ થયો. જેના પરિણામે વર્ષોથી અંધશ્રદ્ધા રૂપી જે રીતિરિવાજો સમયને

અનુકૂળ ન હતા એ દૂર કરવામાં આવ્યા. અને તેના સ્થાને નવી આધુનિક જીવન શૈલીનો વિકાસ થયો અને સાથે જ પશ્ચિમી સભ્યતા સામે પોતાનું ધાર્મિક અસ્તિત્વ ટકાવી રાખવા માટે સમગ્ર ભારતીય સમાજ ધાર્મિક રીતે એક બન્યો. એક ભારતીય સમાજનો પાયો નખાયો. આઝાદી બાદ દરેક સમાજ અને તેમાં રહેલા સમુદાયે સમયને અનુરૂપ વિકાસ કર્યો અને સાથે દેશના વિકાસમાં પોતાનો યથાયોગ્ય ફાળો આપ્યો છે, અને આપી રહ્યા છે. તેઓ સમાજ વિકાસ અને રાષ્ટ્ર વિકાસ દ્વારા સતત જીવનને વધુને વધુ સારું બનાવી રહ્યા છે. આ સમગ્ર પ્રક્રિયામાં વિચરતી અને વિમુક્ત જાતિઓ છેલ્લી ૨ સદીથી પોતાના અસ્તિત્વ માટે સતત પોતાની પરિસ્થિતિ સાથે લડી રહી છે. જેમાં દેવીપૂજક સમાજ પણ એક છે. તથા અન્ય આધુનિક સમાજોની સાથે મુખ્યધારામાં આવવા સતત પ્રયત્ન કરી રહી છે, હજી સુધી તેઓને સફળતા મળતી દેખાતી નથી. આથી, આ સમાજને એક મુખ્યધારામાં સમાહિત કરવા અંગેની રૂપરેખા માટે એક નાનો પ્રયત્ન કર્યો છે. અને તેના માટે સમાજ દ્વારા સ્વયં થઈ શકે એવા પગલાઓનું આયોજન દર્શાવવા પ્રયત્ન કર્યો છે.

## અભ્યાસના હેતુઓ:

૧) સામાજિક સંરચના દ્વારા સમાજને સમજવા પ્રયત્ન કરવો.

૨) આધુનિક સમયમાં સામાજિક સંરચનાની જરૂરીયાત તપાસવી

૩) સમસ્યાઓના સમાધાનના રૂપમાં જરૂરી બદલાવ તપાસવા

૪) સમાજમાં કેન્દ્રીય અને વિકેન્દ્રીય વિભાવના સમજવા પ્રયત્ન કરવો.

૫) શક્ય ઉપાયો અને આયોજન રજૂ કરવા.

૬) અમલીકરણનો પથ સુનિશ્ચિત કરવો અને તેની યથાર્તતા ચકાસવી.

## અવલોકન:

૧) હાલની સામાજિક સંરચના ખૂબ જ વિકેન્દ્રિત છે, જેનાથી સમાજ નાના-નાના પરિવારોના આધારે વંશીય જૂથોમાં વહેચાયેલો છે અને તે સંપૂર્ણ રીતે એક બીજાથી સ્વતંત્ર છે.

૨) સમાજ નાના-નાના પરિવારોના આધારે સ્વતંત્ર વંશીય જૂથોમાં વહેચાયેલો છે, જેથી કેન્દ્રીય રીતે એકતા સ્થાપિત થઈ શકતી નથી. ભૂતકાળમાં પ્રયત્ન કરવા છતાં, સ્વતંત્ર વંશીય જૂથોના એકજૂથ ન થવાથી સફળતા પ્રાપ્ત થયેલ જણાતી નથી.

૩) વ્યાપક શિક્ષણનો અભાવ અને શિક્ષિત વર્ગનું સમાજની મુખ્ય સમસ્યાઓથી દૂર રહેવું.

૪) અન્ય સમાજ કે જે ૧૮ મી અને ૧૯ મી સદીની સમાજ પરિવર્તનની પક્રિયામાંથી પસાર થયા હતા, તેવી કોઈ પ્રક્રિયામાંથી આ સમાજ પસાર થયેલ જણાતો નથી. આથી, અન્ય સમાજ સાથે તાલમેળ જાળવી ન શક્યતા તેઓથી વધુને વધુ દૂર રહે છે. અને આ પરિવર્તનમાં સદીનું અંતર જોવા મળે છે. એટલે કે આજથી ૨ સદી પહેલા જે પરિસ્થિતીમાં અન્ય સમાજ હતા તે સ્થિતિમાં આજે આ સમાજ જીવી રહયો છે.

૫) મુખ્ય ધારાના અન્ય સમાજોની સરખામણીમાં ધાર્મિક અને સામાજિક પરિવર્તન આવી શક્યું નથી. પરિણામે જે પ્રથાઓ ધાર્મિક એકીકરણના કારણે અન્ય સમાજ દ્વારા બંધ કરવામાં આવી છે,

તેવી ઘણી પ્રથાઓ હજી પણ સમાજમાં સ્થાન ધરાવે છે. જેથી ધાર્મિક રીતે મુખ્યધારાથી પોતાને અલગ રાખવા પ્રયત્નશીલ રહે છે, તેવું સ્પષ્ટ થાય છે.

૬) આર્થિકરૂપે અસમર્થ સમાજ છે. હયાત નાણાકીય સંધાધનનો સમાજ વિકાસમાં અસરકારક અને પરિણામલક્ષી ઉપયોગ કરવામાં નિષ્ફળ રહેલ છે. એવું જણાઈ આવે છે.

## દેવીપૂજક સમાજ અને આધુનિક સમાજ સંરચના અને તેના સમુદાયોનો ખ્યાલ

વિચરતી અને વિમુક્ત જાતિઓ પૈકી દેવીપૂજક સમાજને મુખ્યધારામાં સમાહિત કરવા અર્થે આધુનિક સમાજ અને સમુદાયની વ્યાખ્યાને સમજવી જરૂરી છે તેના આધારે સમાજને મુખ્ય ધારામાં લાવવાના માર્ગની ચર્ચા અને આયોજનની સંભાવના તપાસી શકાય.

સમાજશાસ્ત્ર સમાજને "સામાન્ય પ્રદેશ, ક્રિયાપ્રતિક્રિયા અને સંસ્કૃતિ ધરાવતા લોકોના જૂથ" તરીકે વ્યાખ્યાયિત કરે છે. જેમાં વૈવિધ્યસભર લોકોનો સમાવેશ થાય છે જે એકબીજા સાથે સંપર્ક કરે છે અને પોતાને ઓળખે છે. તેમજ સમાન ઓળખ ધરાવે છે. સમાજને સમાન સંસ્કૃતિ, રુચિઓ, મંતવ્યો વગેરે વહેંચતા લોકોના જૂથ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. જ્યારે સમુદાયને સામાજિક માળખામાં રહેતા જૂથ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. આમ, સમાજ સમુદાય કરતાં વિશાળ છે, જ્યારે સમુદાય સમાજ કરતાં નાનો છે. એક સમાજમાં એક કરતા વધુ સમુદાય હોઈ શકે છે. પરંતુ, સમુદાયમાં એક કરતાં વધુ સમાજ ન હોઈ શકે. ઉદાહરણ તરીકે એક જ સમાજમાં વ્યવસાય, શોખ, સ્થળ, વંશીય સમુદાયોનો સમાવેશ થતો હોય છે.

સમુદાયો એ લોકોના જૂથો છે જે વ્યક્તિને નવા વિચારો શીખવા અને વિકસાવવામાં મદદ કરે છે. જ્યારે સમાજ એ છે જ્યાં લોકોના એકબીજા સાથેના સંબંધો સીધા અને વ્યક્તિગત હોય છે અને જ્યાં સંબંધોનું જટિલ જાળું લોકોને લાગણી અને જવાબદારીના પરસ્પર બંધનમાં જોડે છે. એટલે કે સમુદાય એ એક સમાન લાક્ષણિકતા અથવા રસ ધરાવતા લોકોનો સમૂહ છે જે સમાજમાં સાથે રહે છે. આમ, સમુદાયો જોડાઈને સમાજની રચના કરે છે.

હાલની પરીસ્થિતિને તપાસતા જણાય છે કે, દેવીપૂજક સમાજ પરિવારના સ્વરૂપે મજબૂત વંશીય જુથ ધરાવે છે, આ વંશીય જૂથો પોતાને વિવિધ ક્ષત્રિય કુળ સાથે સંબધ ધરાવતા હોવાનું જણાવે છે. અને મધ્યકાલીન ૧૫મી થી ૧૮મી સદી વચ્ચે તેઓ ક્રમશ: મૂળ ક્ષત્રિય કુળથી અલગ પડાતાં ગયા, એવો મત ધરાવે છે. પરંતુ, હાલની સ્થિતિએ આવા વંશીય જુથો એકબીજા પ્રત્યે પરસ્પર લાગણી અને જવાબદારીના અભાવે એક મજબૂત સમાજની રચના કરી શક્યા નથી. પરીણામે માત્ર ૨ સદી પહેલા જ જે સમાજ એકબીજા સાથે જોડાયેલ હતો, તે આજે માત્ર એક સમાન જાતિગત ઓળખથી આગળ વધી શક્યો નથી. આ ઉપરાંત, પરિવાર સ્વરૂપે વંશીય જુથનો વિસ્તાર થતાં આંતરીક અસમાનતા વધવાથી તેમાં પણ આંતરિક અવિશ્વાસ ઊભા થતો જોવા મળે છે. વંશીય જુથ સ્વરૂપે પરિવાર નાના, અસહાય, શક્તિહીન અને બિનઉપયોગી બનતા જાય છે.

પરિણામે, સમાજ કે જે પહેલાથી જ લાગણી અને જવાબદારીના અભાવે એક નથી, તે એક જાતિગત ઓળખ પણ ગુમાવવા લાગ્યો છે.

વધુમાં, સમાજને પરિવર્તનની પ્રક્રિયાના ભાગરૂપે મુખ્ય ૩ પ્રકારમાં સમજી શકાય છે. પ્રારંભિક, વિકાસશીલ અને અદ્યતન સમાજ. પ્રારંભિક સમાજોમાં શિકારી અને પશુપાલનનો મુખ્ય કાર્ય તરીકે સમાવેશ થતો હોય છે. વિકાસશીલ સમાજો બાગાયતી અને કૃષિ મંડળીઓ રૂપે સંગઠિત સ્વરૂપે જોવા મળે છે. જ્યારે અદ્યતન સમાજો ઔદ્યોગિક અને આધુનિક વ્યવસાય સાથે જોડાયેલ છે. આ સાથે સમાંતર રીતે જનજાતી સમાજ પણ ગણી શકાય. આ સંદર્ભમાં તપાસતા આજની સ્થિતિએ દેવીપૂજક સમાજ પ્રારંભિક સમાજમાં ગણી શકાય. પરંતુ અહી પરિસ્થિતિ એવી વિષમ છે કે આ સમાજ મુખ્યત્વે ભૂમિહીન હોવાથી તે પરંપરાગત રીતે ખેતમજૂર કે ભાગીદારીમાં ખેતી કરતો હોવા છતાં, પૂર્ણ ખેડૂત તરીકે ખેતી કે પશુપાલન ક્ષેત્રે તેની ગણતરી પણ નથી. કારણ કે ખેતીની જમીનના માલિક તરીકે સરકારી દફતરે ખેડૂત એ છે જે જમીનના ૭-૧૨ માં નામ ધરાવે છે. જે ભૂમિહિન હોવાથી શક્ય નથી. તેમ જણાઈ આવે છે. પરિણામે ભાગીદારી કે મજૂર તરીકે ખેતી કરતો દેવીપૂજક સમાજનો મોટો વર્ગ ખેડૂતોને મળતા રાજકીય અને આર્થિક લાભથી વંચિત છે. વધુમાં, સમાજમાં તેની ઓળખ અને સ્તર મહેનતથી ખેતી કરનાર ખેડૂતની નથી, પરંતુ રોજમદાર તરીકે ખેતમજૂરની છે. અને ખાસ ગુજરાતમાં, અનુસૂચિત જનજાતિમાં સમાવેશ ન હોવાથી શિકારી તરીકેની ઓળખ પણ ગુમાવી છે. આથી, પેટા અધિનિયમ હેઠળ તે જંગલ પેદાશો કે જંગલની જમીન પર પણ અધિકાર ધરાવતો નથી. આથી, આ સમાજને વિકાસના કયા સ્તરમાં મૂકવો એ પણ એક પ્રશ્ન છે.

## <u>સૂચનો:</u>

આધુનિક સમાજમાં, સમાજના વિકાસનું કેન્દ્ર લોકો અને તેમની સામાજિક સુખાકારીમાં સકારાત્મક તત્વો છે. સામાજિક વિકાસ કાર્યક્રમોના આયોજન અને અમલીકરણમાં લોકોની વધુ સંડોવણી અને ભાગીદારી કરવી જરૂરી છે. સમાજના વિકાસ માટે ઉપલબ્ધ સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાના હેતુથી સમાજમાં રહેલા પરિવારને કેન્દ્રમાં રાખવા જરૂરી છે. માનવ સંસાધન વિકાસ એ આધુનિક સમાજ સાથે સંકળાયેલ એક ખૂબ જ મહત્વનું સંસાધન છે, અને તેને સમાજ વિકાસમાં અંતિમ લક્ષ્ય તરીકે પણ જોવામાં આવે છે. માનવ સંસાધનને તેની યોગ્ય ભૂમિકામાં લાવવા માટે તેના જ્ઞાન, કૌશલ્ય અને ક્ષમતાઓનું નિર્માણ કરવું મહત્વપૂર્ણ માનવામાં આવે છે. સમાજના વિકાસ માટે સામુદાયિક વિકાસના વર્તમાન સંદર્ભમાં માઇક્રો અને મેક્રો બંને સ્તરે શિક્ષણ, આરોગ્ય અને લોકોના જીવનની ગુણવત્તા ખૂબ જ મહત્વપૂર્ણ છે. માનવી માટે શાંતિ, સલામતી, ખોરાક અને ઘર જેવી જીવનની મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવાની ક્ષમતા મેળવવી અને ટકાવી રાખવી એ સમાજ વિકાસનું ધ્યેય છે. આ માટે લોકોના જીવન ધોરણો, માન્યતાઓ, મૂલ્યો અને સામૂહિક ચેતના અને વિશ્વમાં વર્તનની સહિયારી પદ્ધતિ દ્વારા સામૂહિક ચેતનારૂપે વ્યક્તિઓને એક સાથે બાંધે છે અને સામાજિક એકીકરણ શક્ય બનાવે છે. આના સમજના આધારે, ગુજરાત

રાજ્યના દેવીપૂજક સમાજને મુખ્ય ધારામાં સમાહિત કરવા માટે **સૂક્ષ્મ અને વિસ્તૃત (બૃહદ) આયોજન દ્વારા** સમાજ વિકાસની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો કરી શકાય છે.

**૧.સૂક્ષ્મ આયોજન**

૧. દેવીપૂજક સમાજ ગામ કે સ્થાનિક સ્તરે નાના-નાના પરિવારોના આધારે સ્વતંત્ર વંશીય જૂથોમાં વહેચાયેલો છે. આવા પરિવારના સભ્યોએ મંડળ તરીકે ટ્રસ્ટ કે સોસાઇટી બનાવવા જોઈએ, જેમાં તે ગામ કે સ્થાનિક સ્તરે તમામને જોડાવા પ્રયત્ન થવો જોઈએ.

૨. દરેક પ્રકારના ભેદભાવ અને વિચારોની ભિન્નતા દૂર રાખીને માત્ર તે વિસ્તાર કે ગામમાં કે પરિવારના વ્યક્તિ છે તે આધારે તેઓને ટ્રસ્ટ કે સોસાઇટીમાં જોડાવા પ્રેરિત કરવા જોઈએ. ઉદાહરણ, જે તે પરિવાર કેળવણી મંડળ, વિકાસ મંડળ, વગેરે.

૩. તેઓનું મુખ્ય કાર્ય સ્થાનિક જરૂરિયાત જેવી કે શિક્ષણ, રોજગાર, ઘર, વગેરેને સમજવી અને સહિયારા ઉપાય દ્વારા પૂર્ણ કરવી અને ઉપાય ના મળે તો બહારથી ઉપાય મેળવવા પ્રયત્ન કરવો.

૪. આવા મંડળમાં આદર્શ પરિસ્થિતી મુજબ ૫૦૦ વ્યક્તિઓ અથવા ૧૦૦ પરિવારનો સમાવેશ કરી શકાય. તેનાથી વધુ પણ હોઈ શકે.

૬. જો પારિવારિક કે કુળ આધારિત મંડળ હોય તો પરિવારના એવા સભ્યો પણ જોડાઈ શકે જે ગામ કે સ્થાનિક વિસ્તારની બહાર કે દૂર રહેતા હોય.

૭. આ મંડળના કાર્યોમાં સ્થાનિક સ્તરે સરકારી પુરાવા બનાવવા, વિદ્યાર્થીઓને સારી કારકિર્દી બનાવવા પ્રોત્સાહિત કરવા જેમ કે જેને ઉચ્ચ અભ્યાસમાં એડમિશન મળેલ હોય તો ફી કે અન્ય સહાય પૂરી પાડવા પ્રયત્ન કરવા, સરકારી યોજના કે અન્ય સહાય માટે મદદ કરવી, ઘર બનાવવા કે ખરીદવામાં મદદ કરવી વગેરે.

૮. શક્ય હોય ત્યાં સુધી જે પ્રવૃતિથી સમાજને ફાયદો ના થાય તેનાથી દૂર રહેવું. જેમ કે રાજકીય સંમેલનો, ધાર્મિક યાત્રાઓ, સામાજિક મિટિંગ, તહેવારોની ઉજવણી વગેરે બિન હેતુ જણાય તો દૂર રહેવું. વગેરે.

૯. સ્થાનિક રીતે સમાજ ઉપયોગી કાર્યો જેવા કે વિદ્યાર્થીઓને સસ્તી સાધન સામગ્રી પૂરી પાડવી, સસ્તું કોચિંગ મળી રહે તે માટે ટ્યુશન ક્લાસ ચલાવવા, ધોરણ ૧૦, ૧૨ અને ઉચ્ચ અભ્યાસમાં બાળકોને હોસ્ટેલની સુવિધા ઊભી કરવી, વગેરે.

૧૦. રોજગારી વધે તેવા પ્રયત્નો કરવા, વિવિધ રોજગારલક્ષી તાલીમોનું આયોજન કરવું, મહિલા સશક્તિકરણના કાર્યો કરવા, યુવક અને યુવતીઓને આત્મરક્ષા, કારકિર્દી અને પરિવારીક સંબધોના મહત્વ અંગે માર્ગદર્શન આપવું વગેરે.

૧૧. વિવિધ રાજ્ય કે કેન્દ્ર કક્ષાની સંસ્થાઓ સાથે સંપર્કમાં રહેવું.

**૨. વિસ્તૃત (બૃહદ) આયોજન**

૧. સમાજના શિક્ષિત અને સક્ષમ વ્યક્તિઓને એક સાથે લાવવા તેઓની રુચિ મુજબ, વ્યવસાય અને વર્ગના આધારે રાજ્ય સ્તરે સ્પષ્ટ હેતુ અને કાર્ય-પદ્ધતિ ધરાવતી આધુનિક સંસ્થાઓ

બનાવવી જોઈએ અને કાયદાથી રજીસ્ટર કરાવવી જોઈએ. આવી સંસ્થાઓએ સમાજ વિકાસ માટે લાંબાગાળાના લક્ષો નિર્ધારિત કરીને ૨ થી ૫ વર્ષના આયોજન બનાવવા જોઈએ અને અમલ કરવો જોઈએ.

૨. લોકશાહી રીતે પારદર્શક અને સ્વચ્છ વહીવટ માટે પ્રોફેશનલ પદ્ધતિથી જેમ કંપની કે સંસ્થાઓ ચાલે તે સુનિશ્ચિત કરવું જોઈએ. જેવા કે મહિલાઓ માટે મહિલા સંસ્થા, વિદ્યાર્થી માટે શિક્ષણ સંસ્થા, નોકરિયાત માટે કર્મચારી સંસ્થા, શિક્ષકો માટે શિક્ષકોની સંસ્થા, આરોગ્ય માટે ડૉક્ટરની પરિષદ, સરકારી કર્મચારીઓની પરિષદ, વ્યાપારી પરિષદ, શોષણથી સુરક્ષા માટે સુરક્ષા પરિષદ, રહેઠાણ વિસ્તાર વિકાસ સંસ્થા વગેરે જરૂરિયાયત મુજબ.

૩. અહી એ બાબત મહત્વની છે કે જે તે સંસ્થાઓના કાર્યોની મર્યાદા હોય છે, એટલે કે તેઓનો હેતુ સ્પષ્ટ હોય છે અને તે અન્ય સંસ્થાઓ સાથે વાદ-વિવાદથી દૂર રહે છે. અને દખલગીરી કરતાં નથી. તે માટે પોતાના બંધારણ પ્રમાણે એકબીજાથી સપૂર્ણ સ્વતંત્ર રીતે કાર્ય કરે છે.

૪. આવી પરિષદો કે સંસ્થાનું મુખ્ય કાર્ય તેના સભ્યોની જરૂરીયાતો પૂરી પાડવી અને સમાજના વિકાસ માટે તે જે વર્ગ સાથે સંકળાયેલ છે તેના હિતમાં કાર્યો કરવા. તે માટે જરૂરી ફંડ ઊભું કરવા મદદરૂપ થાય અને અન્ય સંસ્થાઓને મદદરૂપ બને. આ કામગીરી તેઓ સહાયના સ્વરૂપે કરી શકે.

૫. દેવીપૂજક સમાજનું દુર્ભાગ્ય કહી શકાય કે એવા આર્થિક રીતે સંપન્ન સેવકો સમાજમાં નથી. આથી, આવી સંસ્થાઓ "નહીં નહો-નહીં નુકશાન"ના ધોરણે યોગ્ય વળતર મેળવીને સમાજની જરૂરિયાતોને પૂરી કરવાના હેતુથી કાર્ય કરે તો ચોક્કસ લાંબા સમય સુધી સમાજની સેવા કરી શકે અને પોતે પણ આર્થિક રીતે પગભર થઈ શકે. આવા રાજ્યસ્તરની સંસ્થાઓમાં સમાજનો કોઈ પણ સક્ષમ વ્યક્તિ પોતાની લાયકાત મુજબ જોડાઈ શકે અને પોતાનું તથા સમાજને સુરક્ષિત કરી શકે.

૬. રાજ્યસ્તરની સંસ્થાઓનું બીજું મહત્વનું કાર્ય છે સ્થાનિક સ્તરે, ગામ સ્તરે અને પારિવારીક સ્તરે બનેલ મંડાળોના વિકાસ કાર્યોમાં ફાળો આપે. અને તેઓને સતત પોતાના જ્ઞાન અને શક્તિ મુજબ સહાય માટે સાથ આપે. બીજા શબ્દોમાં કહીએ તો આ સંસ્થાઓમાં સમાજના સક્ષમ વ્યક્તિઓ જોડાયેલ હોવાથી વિકાસલક્ષી કાર્યો માટે ફંડ ઊભું કરવાનું, તેની યોગ્ય વહેચણી કરવાનું અને તેના દ્વારા સમાજને લાભ મળે છે કે નહીં તે જોવાનું કાર્ય આ સંસ્થાઓનું રહેવું જોઈએ. આ દ્વારા સમાજ વિકાસ દ્વારા વ્યક્તિ વિકાસ અને રાષ્ટ્ર વિકાસ અંતિમ લક્ષ્ય રાખવું જરૂરી છે.

આમ, સૂક્ષ્મ આયોજન દ્વારા સંપૂર્ણ સ્વતંત્ર એવા સ્થાનિક મંડળોને સ્થાનિક સ્તરે કાર્યશીલ બનાવવા અને આવા સ્થાનિક મંડળોને આર્થિક અને બૌદ્ધિક સહાયરૂપ બની રહે તે માટે વિસ્તૃત(બૃહદ) આયોજન દ્વારા નિર્ણય લેવામાં સ્વતંત્ર એવી સંસ્થાઓ દ્વારા સમાજના શિક્ષિત અને સક્ષમ વ્યક્તિઓને મંચ પૂરું પાડવું જોઈએ. જેમાં તેઓ તેમની પસંદગી મુજબ જે તે સંસ્થામાં જોડાઈને આર્થિક ભાગીદારી દ્વારા અને પોતાની આવડત અને અનુભવ દ્વારા સમાજને ઉપયોગી બને. સાથે પોતાને પણ સુરક્ષિત કરીને સમાજમાં પોતાની યોગ્યતા મુજબ સ્થાન બનાવે. આ માટે સમાજમાં સતત શિક્ષિત અને સક્ષમ વ્યક્તિઓની સંખ્યા વધતી જાય અને વધુમાં વધુ સમાજ

વિકાસ કાર્યમાં ફાળો આપે એ માટે પ્રયત્ન કરવો જોઈએ. સશક્ત, પ્રતિભાશાળી અને સાહસી વ્યક્તિઓ દેશના વિકાસમાં અને સમૃદ્ધિને વધારવામાં ફાળો આપી શકે અને આવા વ્યક્તિઓ યોગ્ય વાતાવરણમાં  તૈયાર થાય છે. આ યોગ્ય વાતાવરણ બનાવવાની અને સાંચાવવાની જવાબદારી સમાજની સામૂહિક જવાબદારી છે.

## સમાપન:

દેવીપૂજક સમાજની સમસ્યા, તેના કારણો, હાલની સમાજની સ્થિતિને ધ્યાને રાખીને આધુનિક સમયની માંગ મુજબ સમાજ પરિવર્તન અને વિકાસ માટે એક શક્ય સાંભવનાને તપાસવાનો એક પ્રયાસ કરવામાં આવેલ છે. જે વાસ્તવિક રીતે અમલમાં મૂકી શકાય કે કેમ તે સમાજના સ્થાનિક અને શિક્ષિત વ્યક્તિઓની માનસિક તૈયારી, પ્રબળ ઈચ્છા શક્તિ, લાગણી અને પરસ્પરની કાર્ય કરવાની પ્રતિબદ્ધતા પર આધાર રાખે છે.

## સંદર્ભ :


૧. શ્રી દેવીપૂજક- (વાઘરી) સમાજની વિવિધ શાખોના દેવ-દેવીઓ અને પૂર્વજોની  અમર ગાથાઓ, - શ્રી ઉમેશભાઈ સોલંકી, વર્ષ ૨૦૦૬

૨. વાઘરી ઇતિહાસ, (હિન્દી), શ્રી ઈશ્વરપ્રસાદ શર્મા, નવી દિલ્હી, વર્ષ ૧૯૬૪

3. ક્રિમિનલ ટ્રાઈબ એક્ટ, (CTA 1871)

૪. De-notification of the criminal tribes act, 1952

5. ગુજરાતનાં દેવીપૂજક સમાજમાં વિવિધ ક્ષેત્રે આવેલ પરિવર્તન: એક સંશોધનાત્મક અભ્યાસ (ઈ.સ. ૧૯૦૦ થી ૧૯૭૫) પીએચડી નિંબધ – કલ્પેશકુમાર કાલીદાસ દંતાણી, ૨૦૧૮

૬. ગુજરાત વિચારતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર વેબસાઈડ. (https://sje.gujarat.gov.in/gntdnt/home)